
સૌથી બહાદુર બિલાડી! એક સાચી વાર્તા!

લૌરા ડ્રિસ્કોલ, ચિત્ર: એન ડીસાલ્વો-રાયન



સૌથી બહાદુર બિલાડી! એક સાચી વાર્તા!

લૌરા ડ્રિસ્કોલ, ચિત્ર: એન ડીસાલ્વો-રાયન





બ્રુકલિન, એનવાય, ૧૯૯૬

એક મકાનમાં આગ લાગી!

ઘણા બમ્બાવાળાની ગાડીઓ આવી.

અને ઘણા અગ્નિશામક દળ પણ આવ્યા.

એક જુના ગેરેજમાં ભયાનક આગ લાગી.

પણ સારી વાત એ હતી,

કે મકાનમાં કોઈ રહેતું ન હતું.





એક મિનીટ થોભો! જુઓ!

ફાયર બ્રિગેડના લોકોએ શું જોયું?





જુઓ પેલી બિલાડીને!

એ ગેરેજમાં થી બહાર દોડી
રહી છે!



એ કંઈક લઈ જઈ રહી છે -

કોઈ નાની વસ્તુ!

એના મોઢામાં એક નાનું બિલાડીનું બચ્ચું છે!

બિલાડીએ એના નાના
બચ્ચાને એક સુરક્ષિત સ્થાન
પર રાખ્યું.





એ પાછી ફરીને આગ તરફ ગઈ!

એ શું કરી રહી છે?



થોડીવાર માં બિલાડી ફરી દોડી -

બીજા બચ્ચાની સાથે!



આ રીતે એ ત્રણ વાર



અંદર-બહાર દોડી!



અગ્નિશામક દળના લોકોને એની આંખો પર વિશ્વાસ ન થયો.

હવે ત્યાં બિલાડીના બચ્ચાનો ઢગલો હતો!



બિલાડીના બચ્ચા નાના અને ડરેલા હતા.

એકના નાના કાન દાઝી ગયા હતા.

અને બિચારી માતા બિલાડી!

એ બહુ ખરાબ રીતે દાઝી ગઈ હતી.

એની આંખોમાં વાગી ગયું હતું.

એ હવે એના બચ્ચાને જોઈ શકતી ન હતી.

એટલે માતા બિલાડી દરેક બચ્ચાને

એના નાક થી અડી.

એક, બે, ત્રણ, ચાર, પાંચ!

એના બધા બચ્ચા ત્યાં હતા!

બહુ પ્રેમ અને કોમળતાથી,

એક આગ બુઝાવનારે

બધી બિલાડીઓને એક ડબ્બામાં રાખી.

એને સમજાયું,

કે એને તરત કોઈ ડોક્ટરની જરૂર હતી.





બામ્બાવાળો બધી બિલાડીઓને પ્રાણીની હોસ્પિટલમાં લઈ ગયો.

એ કોઈની પાળેલી બિલાડીઓ ન હતી.

એ રખડુ બિલાડીઓ હતી.

એટલે ડોકટરે માતા બિલાડીને લાલ દાઝ્યાના નિશાનને લીધે "સ્કારલેટ" નામ થી બોલાવી.



થોડા સમયમાં ઘણા લોકોને એ વિષે ખબર પડી ગઈ. સ્કારલેટના ફોટા સમાચારપત્રોમાં છપાવા લાગ્યા. એના વિષે લેખ લખવામાં આવ્યા.



લોકોની ઈચ્છા હતી કે એ ટીવી પર આવે.



હવે સ્કારલેટ એક બહાદુર સિતારો હતી!

બધા લોકો એ જ પ્રાર્થના કરી રહ્યા હતા કે સ્કારલેટ જલ્દી સારી થઇ જાય. અને ધીરે-ધીરે એની તબિયત સારી થઇ ગઇ. બિલાડીના બચ્ચાને બીજા રૂમમાં રાખવામાં આવ્યા, જેથી સ્કારલેટ આરામ કરી શકે. સ્કારલેટ હવે એના બચ્ચાની દેખભાળ કરી શકતી ન હતી.



હોસ્પિટલના લોકોએ બિલાડીના બચ્ચાને કહું પ્રેમ કર્યો. એક બચ્ચાને છોડીને બાકી બધાની તબિયત ધીરે-ધીરે સુધરી ગઈ.



ડોકટરને લાગ્યું કે આગમાં થી બહાર નીકળવાવાળા છેલ્લા બચ્ચાના ફેફસાંને ઘુમાડા એ ઘણું નુકસાન પહોંચાડ્યું હશે.

એક મહિના પછી એ બિલાડીનું બચ્ચું મરી ગયું.



પણ બિલાડીના બાકીના બચ્ચાઓને નવા ઘર મળ્યા.

બે બચ્ચા એક મહિલાને ઘરે ગયા.





બાકીના બે, લોન્ગ આઇલેન્ડ
માં રહેતા એક દંપતી સાથે
રહેવા ગયા.

પછી સ્કારલેટનું શું થયું?

સ્કારલેટ માટે વિશ્વભરમાંથી પત્રો આવ્યા.

કેનેડા થી, જાપાન થી, અને મિસ્ર થી પણ!


ઘણા લોકો સ્કારલેટને એક સારું ઘર અને
જીવન આપવા ચાહતા હતા.





હોસ્પિટલના લોકોએ 1,000 થી પણ વધારે પત્રો વાંચ્યા!

એ સ્કારલેટ માટે સૌથી સારું ઘર શોધવાની કોશિશ કરી રહ્યા હતા!





અંતે, તેઓ એક નિર્ણય પર આવ્યા.

ટીવી અને સમાચારપત્રોના ખબરપત્રીઓ આ મોટા સમાચાર સાંભળવા માટે આવ્યા.



કારેન વેલેન નામની સ્ત્રી સ્કારલેટની સંભાળ રાખશે.

એના પત્રમાં, કારેને પોતાના અકસ્માત વિષે લખ્યું - એક ગાડીનો અકસ્માત.




સ્કારલેટની જેમ, કારેનને પણ સારા થવામાં ઘણો સમય લાગ્યો. સ્કારલેટે શું સહન કર્યું હશે એ એને ખબર હતી.



કારેન પાસે પહેલા પણ એક બિલાડી હતી. એ એને ખુબ પ્રેમ કરતી હતી.

પણ કારેનના અકસ્માતના
થોડા જ સમય પછી એની
બિલાડી મરી ગઈ.



કારેન કોઈ બીજી બિલાડી પાળવા ચાહતી ન
હતી - સિવાય કે એ એક વિશેષ બિલાડી
હોય....



.... બિલકુલ સ્કારલેટ જેવી!

સમાપ્ત